# IIT-GNમાં મહિલાઓ માટે આંત્રપ્રિન્યોરશિપ વર્કશોપ

**આઈઆઈટી-ગાંધીનગરમાં 'સંજીવની-હેલ્થ મેલા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનાં અંતર્ગત ન માત્ર હેલ્થ ચેકઅપ્સ થયાં પરંતુ મહિલાઓ માટે આંત્રપ્રિનિયોરશીપનાં વર્કશોપ પણ આયોજિત કરવામાં આવ્યા હતા.**

સિટી રિપોર્ટર @ahm_cb



ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા બે દિવસનો હેલ્થ મેલા પાલજ ગામનાં લોકો માટે યોજવામાં આવ્યો હતો. આઈઆઈટીમાં ચાલતાં કોમ્યુનિટી આઉટરિચ પ્રોગ્રામ 'ન્યાસા'એ અમેરિકાના ધ દેસાઈ ફાઉન્ડેશનની સાથે મળીને યોજેલા આ 'સંજીવની-હેલ્થ મેલા'માં હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું. આ ઉપરાંત કાર્યક્રમમાં ડાર્ટ થ્રોઝ, પપેટ શોઝ અને અન્ય ગેમ્સનું પણ આયોજન કર્યું હતું. હેલ્થ કેમ્પમાં ડિઝાઈન કરેલી ગેમ્સમાં સ્વાસ્થ્યને લગતાં પ્રશ્નો માટે જાગૃતિ આવે તે પ્રકારે યોજ્યું હતું, તેમજ બાળકો દ્વારા દોરાયેલાં સામાજિક સંદેશાઓનાં ચિત્રોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. આ હેલ્થ કેમ્પનો હેતુ સ્વાસ્થ્યની સેવાઓ ન લઈ શકનારા અન્ડરપ્રિવિલિજ્ડ લોકોને મદદ માટેનો રહ્યો.આ વિશે વાત કરતાં આઈઆઈટી-જીએનનાં વિદ્યાર્થી અને ન્યાસા વોલ્યુન્ટિયર કુશલ સુલેચાએ કહ્યું કે, ' માત્ર પહેલાં દિવસે જ 600 લોકોએ હેલ્થ ચેકઅપ્સ કરાવ્યાં અને નિઃશુલ્ક દવાઓ લીધી હતી.કેમ્પસની નજીકનાં ગામનાં રહેવાસીઓ સિવાય ઈન્સ્ટિટ્યુટનાં સિક્યોરીટી ગાર્ડ્સ, હાઉસકિપિંગ સ્ટાફ અને કન્સ્ટ્રક્શન વર્કર્સે પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત મહિલાઓનાં માસિક આરોગ્યની કાળજી, પરિવાર નિયોજન, ગર્ભાવસ્થા અને બાળ સંભાળનાં વિચારને ધ્યાનમાં રાખીને જાગૃતિ ફેલાવવાનો પણ અમે પ્રયાસ કર્યો. તેમને સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ અને આંત્રપ્રિનિયોરિયલ તકો માટેનાં ગ્રુપ્સની સાથે પરિચય કરાવ્યો. જેથી કરીને મહિલાઓ કેવી રીતે જોબ્સ ઊભી કરી શકે અને કેવી રીતે નવી જોબ્સ લઈ શકે તે વિશે સમજણ પૂરી પાડવામાં આવી હતી.